# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-04-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## પહેલગામ આતંકવાદી હુમલો: એનઆઇએને તપાસ

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી - **NIA** ને સોંપી દીધી છે. હવે આ એજન્સી આ આતંકવાદી હુમલાની ઔપચારિક તપાસ કરશે. આ પહેલા પણ **NIA**ની ટીમે હુમલાના સ્થળની મુલાકાત લીધી હતી. થોડા દિવસો પહેલા થયેલા આ ભયાનક આતંકી હુમલામાં 26 લોકો માર્યા ગયા હતા, જ્યારે ઘણા ઘાયલ થયા હતા.

હવે **NIA** સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરશે, જેથી હુમલાના કાવતરા અને તેની સાથે સંકળાયેલા તત્વોનો પર્દાફાશ થઈ શકે.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ દ્રૌપદિ મુર્મુ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઇકાલે વેટિકન સિટીના સેન્ટ પીટર્સ સ્ક્વેર ખાતે પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, લઘુમતી બાબતોના રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયન અને ગોવા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જોશુઆ ડિસોઝા સહિત ભારતીય પ્રતિનિધિમંડળે પણ હાજરી આપી હતી.

---------------------------------------------------------------------------------------

## માહિતી અને પ્રસારણ મંત્રાલય

માહિતી અને પ્રસારણ મંત્રાલયે તમામ મીડિયા ચેનલોને રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં આતંકવાદ વિરોધી કામગીરી અને સુરક્ષા દળોની ગતિવિધિઓનું જીવંત પ્રસારણ બતાવવાથી દૂર રહેવા સૂચના આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણમાં મીડિયા, ડિજિટલ પ્લેટફોર્મ અને વ્યક્તિઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મંત્રાલયે તેમને સંરક્ષણ કામગીરી અથવા હિલચાલ સંબંધિત સૂત્રો-આધારિત માહિતીના આધારે રિપોર્ટિંગ કરવાથી દૂર રહેવા જણાવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, સંવેદનશીલ માહિતીનો અકાળ ખુલાસો અજાણતામાં પ્રતિકૂળ તત્વોને મદદ કરી શકે છે અને કાર્યકારી અસરકારકતા અને કર્મચારીઓની સલામતીને જોખમમાં મૂકી શકે છે. મંત્રાલયે ભાર મૂક્યો કે ભૂતકાળની ઘટનાઓએ જવાબદાર રિપોર્ટિંગના મહત્વ પર ભારમૂક્યો છે. કેબલ ટેલિવિઝન નેટવર્ક સુધારા નિયમો જણાવે છે કે કેબલ સેવામાં કોઈ પણ કાર્યક્રમ પ્રસારિત થવો જોઈએ નહીં જેમાં સુરક્ષા દળો દ્વારા કોઈ પણ આતંકવાદ વિરોધી કામગીરીનું જીવંત પ્રસારણ હોય.

---

## <u>મન કી બાત</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે ૧૧ વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 121મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શન નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું લાઇવ સ્ટ્રીમિંગ એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

એક અગત્યની જાહેરાત

મન કી બાત કાર્યક્રમને આવરી લેતું વિશેષ કચ્છી બુલેટિન આકાશવાણી ભુજ પરથી આજે સાંજે 07:00 સાત વાગ્યેને પાંચ મિનિટે પ્રસારિત કરાશે

અગત્યની જાહેરાત પૂરી થઈ.

---

## ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને બે દિવસમાં આત્મ-સમર્પણ કરવા ચેતવણી આપી છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય પોલીસ દ્વારા હાથ ધરાયેલા મહાઅભિયાન હેઠળ વિવિધ સંસ્થાઓ સાથે કરાયેલા સંયુક્ત ઓપરેશનમાં એક જ રાત્રિમાં; અમદાવાદ પોલીસે અંદાજે 890 અને સુરત પોલીસે 134 જેટલા ગેરકાયદે બાંગ્લાદેશીઓને પકડ્યા છે.

સુરત પોલીસ કમિશનર કચેરી ખાતેથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કૉન્ફરન્સ યોજી; અને બાંગ્લાદેશીઓની પ્રવૃત્તિઓની ઝીણવટપૂર્વક તપાસ કરી કડક કાર્યવાહીના નિર્દેશ પણ આપ્યા છે.

બીજી તરફ ગઇકાલે અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતેથી રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પત્રકાર પરિષદમાં જણાવ્યું,કે બનાવટી દસ્તાવેજો બનાવનારા બંગાળના ગુનાહિત નેટવર્કની તપાસ ચાલુ છે. પકડાયેલા બાંગ્લાદેશીઓને કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી તેમના મૂળ દેશ બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે.

---

## આઇપીએલ

**IPL T**20 ક્રિકેટમાં, કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મહત્વપૂર્ણ મેચ વરસાદ કારણે રદ કરવામાં આવી હતી. બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો હતો. પંજાબ કિંગ્સ 11 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે, જ્યારે કોલકાતા 9 મેચમાંથી 7 પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે.

આજે આઇપીએલની બે મેચ રમાશે. મુંબઈમાં બપોરે 3.30 વાગ્યે, મુંબઈ ઈન્ડિયન્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે. બીજી મેચ દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે દિલ્હીમાં સાંજે 7.30 વાગ્યે રમાશે.

---

## હવામાન

રાજ્યમાં આગામી બે દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના કેટલાક ભાગમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

---

## કૈલાશ માનસરોવર યાત્રા

વિદેશ મંત્રાલય દ્વારા આ વર્ષે જૂનથી ઑગસ્ટ દરમિયાન કૈલાસ માનસરોવર યાત્રા યોજાશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, આ વર્ષે 50 યાત્રિકોના પાંચ જૂથ ઉત્તરાખંડના લિપુલેખ અને 50 યાત્રિકોનું 10 જૂથ સિક્કિમના નાથુલા પાસ પરથી પસાર થશે.

---